# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24 -08-2025 Day: Sunday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## PM-ગુજરાત મુલાકાત -:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે તારીખ 25 અને 26 ઑગસ્ટ બે દિવસે રાજ્યના પ્રવાસે આવી રહ્યા છે. અમદાવાદ અને ગાંધીનગરમાં શહેરી વિકાસને લગતા અંદાજે બે હજાર 548 કરોડ રૂપિયાની પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. શ્રી મોદી અમદાવાદને અંદાજે બે હજાર 267 કરોડ રૂપિયાની પરિયોજનાની ભેટ આપશે. આ પરિયોજના હેઠળ અંદાજે એક હજાર 624 કરોડ રૂપિયાના ખર્ચે સરદાર પટેલ રિંગ રોડ છ માર્ગીય બનાવાશે. જ્યારે દક્ષિણ—પશ્ચિમ ઝૉનમાં નાનું રમતગમત સંકુલ બનાવાશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગાંધીનગરમાં શહેરી વિકાસના કુલ 281 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. તેમાં ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા 243 કરોડ અને ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા 38 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનો સમાવેશ થાય છે.

-----------------------------------------------------------------------------------------------

## PM-ખાનગી મીડીયા ફોરમ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા છે અને ટૂંક સમયમાં વૈશ્વિક સ્તરે ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા માટે તૈયાર છે. ગઈકાલે દિલ્હીમાં એક ખાનગી મીડિયા હાઉસ દ્વારા આયોજિત એક ફોરમમાં બોલતા, શ્રી મોદીએ કહ્યું કે ભારતમાં સેમિકન્ડક્ટર સંબંધિત ફેક્ટરીઓ શરૂ થઈ ગઈ છે. આ વર્ષના અંત

સુધીમાં, પ્રથમ મેડ ઇન ઇન્ડિયા ચિપ બજારમાં આવશે. તેમણે કહ્યું કે મેડ ઇન ઇન્ડિયા 6G પર કામ ચાલી રહ્યું છે.

---

## PM-રાષ્ટ્રીય અવકાશ દિવસ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે ભારતના ખાનગી ક્ષેત્ર અને સ્ટાર્ટઅપ્સને દર વર્ષે 50 રોકેટ લોન્ચ કરવાના વિઝન સાથે આગળ વધવા વિનંતી કરી. રાષ્ટ્રીય અવકાશ દિવસ નિમિત્તે, તેમણે ખાતરી આપી કે સરકાર પાસે આ વિઝનને પ્રાપ્ત કરવા માટે જરૂરી આગામી પેઢીના સુધારાઓને અમલમાં મૂકવાનો ઇરાદો અને ઇચ્છાશક્તિ બંને છે. તેમણે કહ્યું કે ભારત ટૂંક સમયમાં ગગનયાન મિશન શરૂ કરશે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આગામી સમયમાં ભારત પોતાનું અવકાશ મથક બનાવશે.

---

## ટપાલ વિભાગ-સંદેશા વ્યવહાર મંત્રાલય:

સંદેશાવ્યવહાર મંત્રાલય હેઠળના ટપાલ વિભાગે 25 ઓગસ્ટથી અમેરિકામાં મોકલવામાં આવતી તમામ ટપાલ વસ્તુઓને અસ્થાયી રૂપે સ્થગિત કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય અમેરિકન સરકારના એક્ઝિક્યુટિવ ઓર્ડર બાદ લેવામાં આવ્યો છે, જેના હેઠળ 29 ઓગસ્ટથી 800 ડોલર સુધીના માલ માટે ડ્યુટી-ફ્રી મુક્તિ પાછી ખેંચી લેવામાં આવશે. જો કે, 100 ડોલર સુધીની ભેટ વસ્તુઓ ડ્યુટીમાંથી મુક્ત રહેશે.

પોસ્ટ વિભાગ તમામ હિસ્સેદારો સાથે સંકલન કરીને પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે, અને શક્ય તેટલી વહેલી તકે સેવાઓને સામાન્ય બનાવવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

---

## ક્રિક વિસ્તાર-માછીમારો ઝડપાયા:

કચ્છના સંવેદનશીલ એવા સરહદી ક્રીક વિસ્તારમાં ગઈકાલે બપોરના સમયે સીમા સુરક્ષા દળે એક ઓપરેશન હાથ ધરીને પંદર જેટલા પાકિસ્તાનીને માછીમારી બોટની સાથે ઝડપી લઇ મોટી સફળતા મેળવી છે. વરસાદી માહોલમાં માછીમારી બંધ છે. તેવા સમયનો પાકિસ્તાનીઓએ ગેરલાભઉઠાવ્યો હોવાનું આ બનાવે વધુ એક વખત છતું કર્યું છે. સીમા દળે વિસ્તારમાં વ્યાપક કોમ્બિંગ માટે બોટો અને જવાનોને એકત્ર કરવા શરૂ કરાયા સાથે આ તમામ પાકીસ્તાની માછીમારોને  કોટેશ્વર લઈ આવી  પૂછપરછ હાથ ધરાઈ હોવાનુ જાણવા મળી રહ્યુ છે.

---------------------------------------------------------------------------------------------

## વરસાદ :

હવામાન વિભાગે આગામી 28 તારીખ સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. માછીમારોને પણ 26 તારીખ સુધી દરિયો ન ખેડવા હવામાન વિભાગે સૂચના આપી છે.

દરમ્યાન શ્રાવણી અમાસના દિવસે  જીલ્લામાં ઝરમર ઝાપટા થી લઈ દોઢ બે ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો.  જીલ્લા કંટ્રોલ રૂમમાંથી અમને મળેલી વિગતો મુજબ, છેલા 24 કલાક દરમ્યાન, સૌથી વધુ  રાપરમાં 24 મિલિમીટર, મુંદરા 18, માંડવી 9, નખત્રાણા અને અબડાસા 5-5, ગાંધીધામ 3, લખપત અને જીલ્લા મથક ભુજ 2-2 મિલીમીટર વરસાદ નોંધાતા જીલ્લામાં કુલ 81 મિલીમીટર વરસાદ નોંધાયો.

---------------------------------------------------------------------------------------------

## જીલ્લા કિસાન સંઘ બેઠક:

ભારતીય કિસાન સંઘની કાર્યાલય ખાતે મળેલી જિલ્લાકક્ષાની બેઠકમાં જિલ્લામાં ખેડૂતોને ઉદ્ભવતા પ્રશ્નોની ચર્ચા કરાઇ હતી. બેઠકમાં નર્મદાના નિયમિત તથા વધારાનાં પાણી મળવાની કામગીરી જલ્દીથી પૂર્ણ કરવા, ખરીફ પાકના વાવેતર બાદ યૂરિયા તથા ડીએપી જેવાં ખાતરોની

અછત, ખેડૂતોનાં ખેતરમાં વળતર નક્કી કર્યા વગર નખાતા વીજ લાઇનોના ટાવર, સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળીની ખરીદીમાં વધારો કરવા સહિત જિલ્લાના ખેડૂતોને ઉદ્ભવતા વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરાઇ હતી.

----------------------------------------------------------------------------------------------------

## કૃષિમંત્રી-ઈસરો ભુ-પોર્ટલ:

કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ઇસરો) એ એક ભૂ-પોર્ટલ વિકસાવ્યું છે જે દુષ્કાળ, વરસાદ, હવામાન અને અન્ય પરિમાણો પર સચોટ માહિતી પ્રદાન કરે છે, જે ખેડૂતોને તેમના પાકનું વધુ અસરકારક રીતે આયોજન કરવામાં મદદ કરે છે. ગઈકાલે નવી દિલ્હીમાં વર્ચ્યુઅલી રાષ્ટ્રીય અવકાશ દિવસ ઉજવણીના સત્રને સંબોધતા, તેમણે ખેડૂતોને ટેકો આપવા માટે ભારતીય અવકાશ વૈજ્ઞાનિકોના યોગદાનની પ્રશંસા કરી હતી.

----------------------------------------------------------------------------------------------------